# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ


રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/કવા-૦૪/૨૦૧૮-૧૯/ 3651-1 તારીખ : 28-5-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
જેરામગર લખમણગર રામદતિ
મુ. પો. : ચાંચલાણા, તા. : કલ્યાણપુર , જી. : દેવભૂમિ દ્વારકા,
મોબાઈલ : ૯૬૦૧૮ ૮૮૭૬૩

વિષય : વીજ જોડાણ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૫-૦૨-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૮/કવા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગેજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, દ્વારકા.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ


**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૮/ક્વા-૪/૨૦૧૮-૧૯/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૮/ક્વા-૪/૨૦૧૮-૧૯

| | |
|---|---|
| અરજદાર: | જેરામગર લખમણગર રામદતિ ગામ: જેરામગર લખમણગર રામદતિ |
| રજૂઆત કરનાર: | અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે તેમના ભાઈ જસમતગર લખમણગર રામદતિ હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વિભાગીય કચેરી, દ્વારકા |
| રજૂઆત કરનાર: | એન. એચ. વીસણા, નાયબ ઈજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર, અને<br>કે.એ.ઓઝા,નાયબ ઈજનેર, કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર |
| તારીખ: | ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯-૦૪-૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી - ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી. બંને તારીખોમાં અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે તેમના ભાઈ જસમતગર લખમણગર રામદતિ હાજર રહેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જેરામગર લખમણગર રામદતિ, ગામ:: ચાંચલાણા ની અરજી ના નોંધણી નંબર :૫૮/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં. –૮૫૭૨૧/૦૦૧૧૩/૫ થી ધરાવે છે. હાલ મા ખેડુતોને સ્વતંત્ર ટીસી આપવાની કાર્યવાહી ચાલુ હોય – તેઓને ત્યા ટ્રાન્સફોર્મર લગાડવા આવેલ – ત્યારબાદ, ટ્રાન્સફોર્મર લગાડયા વિના ચાલ્યા ગયેલ હતા, અને જણાવેલ કે તેઓનુ વીજજોડાણ – ચોપડે રદબાતલ કરાયેલ છે. તેમજ નવી અરજી જોડાણ ને પુનઃ ચાલુ કરવાનુ જણાવેલ. તેઓને કોઈ જ નોટીસ મળેલ નથી. તેમજ તેઓ નિયમીત રીતે વાર્ષિક બીલ ભરપાઈ કરે છે. તા.૧૫–૦૬–૧૭ અને તા.૦૯–૦૪–૧૮ ના રોજ રૂ.૫,૨૪૦/– તથા રૂ.૧૩૧૦/– ની પહોચો આ સાથે રજુ કરે છે. ત્યારબાદ તેઓએ બીલ ભરેલ છે. સામાવાળા ને નવા તાર નાખવા અને એંગલ ચપલા ના મેન્ટેનન્સ ની માંગણી કરેલ છે, જે પણ થયેલ છે. આમ, તેઓનુ જોડાણ ચાલુ હોય – તેઓએ નવુ ટ્રાન્સફોર્મર મેળવવા માટે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર નુ ખેતીવાડી વીજજોડાણ પેટે બાકી લેણી રકમ રૂ.૬,૫૬૦/– હોવાને કારણેતા. ૨૮-૦૨-૧૬ ના રોજ રદબાતલ કરવામા આવેલ હતુ. અરજદાર ને સદર વીજજોડાણ પુનઃ ચાલુ કરવા માટે ની અરજી કર્યે થી નિયમાધીન કાર્યવાહી કરવામા આવશે.

૩.૧ પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી જેરામગર લખમણગર રામદતી દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ચાચલાણા ખાતે વીજ જોડાણ બાબતની રજૂઆત અંગે અગાઉ પ્રત્યુતર પાઠવેલ તથા ફોરમ કમિટી મીટીંગ તા.૦૯.૦૪.૨૦૧૯ ના અનુસંધાને નાયબ ઇજનેર કલ્યાણપુર ને રોજકામ રજૂ કરવા જણાવેલ. સદર બાબતે સ્થળ પંચનામામાં જણાવ્યા મુજબ સ્થળ પર ઉભેલ ત્રણ ગાળાની વીજ લાઇન ઉતારવા જુનિયર ઇજનેર તથા લાઇન સ્ટાફ તા. ૧૭.૦૫.૨૦૧૯ ના રોજ ગયેલ પરંતુ સદર અરજદાર દ્વારા સ્થળ પર કુહાડી સાથે માથાકૂટ કરતાં સદર વીજ લાઇન ના ગાળા ઉતારી શકાયા ન હતા.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજુઆત મુજબ સામેવાળા દ્વારા રજુ કરાયેલ ગ્રાહક ની માસ્ટર ડિટેઈલ મુજબ – વીજજોડાણ ગ્રાહક નં. –૮૫૭૨૧/૦૦૧૧૩/૫ થી ખેતીવાડી વીજજોડાણ એ–૧ ટેરીફ મુજબ – ૦૫ હોપાનુ – જેરામગર લખમણગર રામદતિ. ગામ:: ચાંચલાણા તા.કલ્યાણપુર પીડીસી તા.૨૮–૦૨–૧૬ દર્શાવેલ છે.

૪.૨ અરજદાર દ્વારા , સદર ખેતીવાડી વીજબીલ ભરપાઈ કરેલ પાવતી રજુ કરાયેલ જે મુજબ –
તા.૨૨–૦૯–૧૨ થી અરજદારે રકમ રૂ.૨,૯૫૦/– ભરપાઈ કરેલ છે.
તા.૨૦–૦૩–૧૪ થી અરજદારે રકમ રૂ.૩,૨૦૦/– ભરપાઈ કરેલ છે.
તા.૧૫–૦૬–૧૭ થી અરજદારે રકમ રૂ.૫,૨૪૦/– ભરપાઈ કરેલ છે.
તા.૦૯–૦૪–૧૮ થી અરજદારે રકમ રૂ.૧,૩૧૦/– ભરપાઈ કરેલ છે.

૪.૩ પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુજબ સદર વીજજોડાણ તા.૨૮–૦૨–૧૬ થી વીજજોડાણ પેટે બાકી રકમ હોય કાયમી ધોરણે રદબાતલ થયેલ છે, પરંતુ, પીજીવીસીએલ દ્વારા સદર બાબતે – અરજદાર નુ સદર વીજજોડાણ કાયમી ધોરણે રદબાતલ કરેલ હોય, તે બાબત ના આધાર–પુરાવા ( મીટર ઉતારેલ – જમા લીધેલ હોય તેનો ગેટપાસ, ડિસ કનેકશન મેમો, કે અન્ય નોટીસ આપેલ હોય) રજુ કરાયેલ નથી.

૪.૪ ઉપરોક્ત બાબતે – લેઝર તપાસતા, લેઝરમા પણ બાકી લેણી રકમ ભરપાઈ થઈ ગયેલ છે. જેમા વર્ષ–૨૦૧૬ સુધીની એરીયર્સ, વર્ષ–૨૦૧૮ માં ભરપાઈ થઈ ગયેલ છે. તદઉપરાંત, સદર વીજજોડાણ ટેપીગ મા હોવા છતા, વાયર ઉતારવામા આવેલ નથી. તેમ છતા, પીજીવીસીએલ દ્વારા સદર વીજજોડાણ ને ''X'' સ્થીતીમાં બતાવેલ છે.

૪.૫ સદર કેઈસમાં, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ થી ૪.૪ મુજબ ની વિગતો ધ્યાને લેતા – સદર વીજજોડાણ ''X'' થયેલ છે, તેવા કોઈ પુરવા – પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ નથી. જેથી, પીજીવીસીએલ દ્વારા જરૂરી નિયમાધીન કાર્યવાહી કરી – સદર ગ્રાહક નુ ખેતીવાડી વીજજોડાણ ''X'' સ્થીતીમાંથી '' નોર્મલ'' થાય તેવી કાર્યવાહી – અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ માં કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે.

૪.૬ અરજદાર અને પીજીવીસીએલ ની રજુઆત અન્વયે – ઉપરોકત મુદદા નં. ૪.૫ અન્વયે નો હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot